

## Cadaver Organ Donor Ramanbhai Halpati

### किडनी ट्रांसप्लांट की गई, लीवर रिसर्च के लिए रखा

# अंगदान से दो जनों को मिली नई जिंदगी

सूरत @ पत्रिका. पलसाणा तहसील निवासी हलपति समाज के एक व्यक्ति के ब्रेन डेड होने के बाद उसके अंगदान से दो जनों को नया जीवन मिला है।



पलसाणा एना गांव में गात्र फलिया निवासी रमण जीतू हलपति (45) 13 जुलाई को शाम एक मकान के छपरे पर चढ़कर ताड़पत्री डाल रहा था, तभी पैर फिसलने से वह गिर पड़ा। सिर में गंभीर चोट लगने पर उसे बारडोली के सरदार स्मारक अस्पताल ले जाया गया। सीटी स्कैन में ब्रेन हैमरेज की जानकारी मिली। 14 जुलाई की शाम उसे न्यू सिविल अस्पताल लाया गया। न्यूरो सर्जन डॉ. प्रशांत पटेल, सर्जरी विभाग के असिस्टेंट प्रोफेसर डॉ. जिग्नेश पटेल, एसोसिएट प्रोफेसर डॉ. संदीप कंसल ने उसका उपचार शुरू किया। 22 जुलाई को न्यूरो सर्जन डॉ. प्रशांत और न्यूरो फिजिशियन डॉ. परेश झांझमेरा ने उसे ब्रेन डेड घोषित कर दिया। अस्पताल से सूचना मिलने पर डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला ने उसके परिवार को अंगदान के बारे में जानकारी दी। सहमति मिलने पर उन्होंने आईकेडीआरसी की ट्रांसप्लांट कोर्डिनेटर प्रिया शाह से सम्पर्क किया। डॉ. विपिन पाल और उनकी टीम सूरत आई और किडनी तथा लीवर का दान स्वीकार किया। दान में मिली एक किडनी विसनगर निवासी त्रिलोक मनु पाठक (26) और दूसरी अहमदाबाद निवासी कृष्णा कल्पेश सोनी (26) में ट्रांसप्लांट की गई, जबकि लीवर को रिसर्च के लिए रखा गया है।

# ब्रेनडेड हुए रमण भाई तो परिजनों ने करवाया अंगदान, किडनी के ट्रांसप्लांट से दो को मिला जीवनदान, रिसर्च के काम आएगा लिवर

हेल्थ रिपोर्टर सूरत

हलपति समाज के एक ब्रेनडेड ने अपना अंगदान किया तो दो लोगों को नया जीवन मिल गया। गत 13 जुलाई को पलसाना के एना गांव निवासी रमण भाई गांव के ही एक मकान पर ताल पट्टी डाल रहे थे। पैर फिसलने से वह गिर गए और सिर में गंभीर चोट आई। इसके बाद उन्हें बारडोली के सरदार स्मारक अस्पताल में इलाज के लिए भर्ती कराया गया। सीटी स्कैन में पता चला कि रमण को ब्रेन हेमरेज हो गया है। 14 जुलाई को उन्हें सिविल अस्पताल लाया गया। जहां डॉ. जिग्नेश, डॉ. संदीप और प्रशांत पटेल की टीम ने उनका इलाज शुरू किया।

## डोनेट लाइफ ने परिजनों को किया तैयार

22 जुलाई को डॉक्टरों ने ब्रेनडेड घोषित किया तो जानकारी डोनेट लाइफ दी गई। उनकी टीम ने परिजनों को अंगदान के लिए तैयार किया। अहमदाबाद स्थित आईकेडीआरसी अस्पताल को सूचना दी गई। वहां की टीम ने रमण की किडनी और लीवर स्वीकार किया। एक किडनी वीसनगर निवासी 26 वर्षीय त्रिलोक मनुभाई पाठक और दूसरी अहमदाबाद निवासी 26 वर्षीय कृष्णा कल्पेश सोनी को ट्रांसप्लांट की गई। लीवर को रिसर्च के लिए रखा है।

# रमणभाई ने किया अंगदान



लोकतेज संवाददाता

सूरत। रमणभाई 13 जुलाई को शाम 5 बजे एना गांव में पलसाणा में स्थित एक मकान में छत पर ताडपत्री डाल रहे थे। पैर फिसलने से गिरने पर उनके सिर में गंभीर चोट लगी व बेहोश हो गए। तुरंत बारडोली के सरदार स्मारक अस्पताल में भर्ती किया गया। सिटी स्केन करने पर ब्रेन डेड घोषित किए गए। डोनेट लाइफ की टीम ने उनके परिजनों से मिलकर अंगदान के लिए सलाह दी। रमणभाई के किडनी व लीवर का दान स्वीकार किया गया। एक किडनी विसनगर के निवासी त्रिलोक मनु पाठक उ. 26 व दूसरी अहमदाबाद की कृष्णा कल्पेश सोनी उ. 26 में प्रत्यारोपित किया गया। जबकि लीवर रीसर्च हेतु रखा गया है।

# પલસાણાના બ્રેઈનડેડ ખેતમજૂરે અંગોનું દાન કરી બે વ્યક્તિને નવજીવન આપ્યું

**રમણભાઇ** હળપતિની બે કિડની અને એક લિવરના દાનથી બે પરિવારના 'દિપક' પ્રકાશિત થયા



સુરત: ગત તા. ૧૩મી જુલાઇના રોજ જિલ્લાના પલસાણા ગામે મકાન પર છાપરા પર તાડપત્રી નાંખવા ચઢેલા ખેતમજ પડી ગયા બાદ સારવાર દરમિયાન બ્રેઇનડેડ જાહેર કરાતા પરિવાર દ્વારા તેમની બે કિડની અને એક લિવરનું દાન કરી અન્ય બેને નવજીવન આપ્યું છે.

પલસાણાના એના ગામે ગામ ફળિયામાં રહેતા ૪૫ વર્ષિય રમણભાઇ જીનુભાઇ હળપતિ વ્યવસાયે ખેત મજ હતા. તેઓ ગત તા. ૧૩મી જુલાઇના રોજ સાંજે પાંચ વાગ્યે પલસાણા ગામે એક મકાનમાં છાપરા ઉપર તાડપત્રી નાંખી રહ્યા હતા.

આ દરમિયાન છાપરા પરથી પગ લપસી જતા તેઓ નીચે પડી ગયા હતા. તેઓને માથામાં ગંભીર ઇજા પહોંચવાથી તેઓ ત્યાં જ બેભાન થઇ ગયા હતા. રમેશભાઇને તાત્કાલિક બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સિટી સ્કેન કરવામાં આવતા બ્રેઇન હેમરેજ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ તેઓને વધુ સારવાર અર્થે ૧૪મી જુલાઇના રોજ નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યાં તેમને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

## અમદાવાદ અને વિસનગરના વ્યક્તિને નવી જીંદગી મળી

ડોનેટલાઇફની ટીમે બ્રેઇનડેડ રમેશ હળપતિના પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. જેથી પરિવાર પણ અંગોનું દાન આપવા સંમત થઇ જતા તેમની બે કિડની અને એક લિવરનું દાન કરવામાં આવ્યું હતું. દાનમાં આવેલી બે કિડની પૈકીની એક કિડની વિસનગરના રહેવાસી ૨૬ વર્ષિય ત્રિલોક મનુભાઇ પાઠક જ્યારે બીજી કિડની અમદાવાદના ૨૬ વર્ષિય કિષ્ણા કલ્પેશભાઇ સોનીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર હાલ પુરતુ રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.



# ખેતમજૂર રમણભાઈ હળપતિના અંગદાનથી બે વ્યક્તિને નવું જીવન મળ્યું

**મકાનના છાપરા પર તાડપત્રી નાખતી વેળા લપસી પડયા બાદ રમણભાઈ બ્રેઈનડેડ થયા હતા : પરિવારે કિડની લીવરનું દાન કરી માનવતા મહેકાવી**

સુરત, તા.૨૪

પલસાણાના હળપતિ પરિવારે પરિવારના બ્રેઈન ડેડ મોભીના અંગોનું દાન કરી બે વ્યક્તિને નવું જીવન આપવા સાથે માનવતા મહેકાવી સમાજને નવો રાહ ચિંધ્યો છે.

આ અંગેની મળતી વિગતો અનુસાર પલસાણા તાલુકાના એના ગામના ગામ ફળિયામાં રહેતા અને ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા રમણભાઈ જીવુભાઈ હળપતિ (ઉ. વ. ૪૫) ગત ૧૩ જુલાઈના રોજ સાંજે ૫:૦૦ કલાકે એના ગામ પલસાણામાં એક મકાનના છાપરા પર તાડપત્રી નાખતી વખતે લપસી જતા નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક બારડોલીની શ્રી સરદાર સ્મારક હોસ્પિટલમાં લઈ જવાતા નિદાન માટે સિટી સ્કેન કરતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થતા વધુ સારવાર માટે શુક્રવારે સુરતની નવી સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. શનિવારે ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ રમણભાઈને બ્રેનડેડ

અનુ. પાના ૭ પર

પાના ૮ નું શેષ

**ખેતમજૂર રમણભાઈ**

જાહેર કર્યા.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રમણભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રમણભાઈના પુત્ર અજય, ભાઈ ભીખા અને બહેન લલી તેમજ અન્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી રમણભાઈની એક કિડની વિસનગરના વિનોદ મનુભાઈ પાઠક (ઉ. વ. ૨૯)માં અને બીજી કિડની ગાંધીનગરની કિંજલ કલ્પેશભાઈ સોની (ઉ. વ. ૨૬)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે. અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં રમણભાઈના પુત્ર અજય, ભાઈ ભીખાભાઈ, બહેન લલીબેન, ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, આસિસ્ટન્ટ પ્રો. ડૉ. જગનેશ પટેલ, એસોસિએટ પ્રો. ડૉ. સંદીપ કંસલ, સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડીયા, ડૉ. મયુર ગામીત, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી સેનેતા દેસાઈ અને સુભાષ જાયસ્વાલનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૧૫ કિડની, ૮૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૨ હૃદય અને ૧૮૦ ચક્ષુઓનાં દાન મેળવીને ૪૯૪ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.

# સુરતમાં બે વ્યક્તિએ અંગદાન કરી પાંચ વ્યક્તિને નવજીવન આપ્યું



સુરત, તા.૨૪: સુરતમાં બે વ્યક્તિઓએ અંગદાન કરીને પાંચ વ્યક્તિને નવજીવન આપ્યું છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ગામ કણિયામાં રહેતા અને હળપતિ સમાજના ૪૨ વર્ષીય રમણભાઈ બાબુભાઈ હળપતિ ગત તા. ૧૩મી જુલાઈના સાંજે વરસાદને કારણે મકાનના છાપરા ઉપર તાડપત્રી બાંધવા ગયા હતા. આ દરમિયાન છાપરા ઉપરથી તેમનો પગ લપસી પડતા નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઇજા થતા તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેને તાત્કાલિક બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં તેઓનું સારવાર દરમિયાન સિટી સ્કેન કરવામાં આવતા રમણભાઈને બ્રેઇન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

રમણભાઈ હળપતિને વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમને ગત શનિવારે ૨૨ તારીખે ડૉ. જ્યોતિ પટેલ, ડૉ. સંદીપ ક્યાડ, અને ડૉ પ્રશાંત પટેલની ટીમે રમણભાઈને બ્રેઇનડેડ જાહેર કર્યા હતા. આ અંગેની માહિતી ડોનેટ લાઇફના નિલેશભાઇ માંડલેવાલાને જાણ કરતા તેમણે હોસ્પિટલ પહોંચીને રમણભાઈના પુત્ર અજય અને ભાઈ ભીખાભાઈ તેમજ બહેન લલીને તેમના અંગોના ડોનેશનની જાણકારી આપી તેનું મહત્વ સમજાવ્યું હતું.

પરિવારના સભ્યોમાં પુત્ર અજય, ભીખાભાઈ અને બહેન લલી તેમજ પરિવારના અન્ય સભ્યોએ અંગદાન કરવાની તૈયારી બતાવતા તેમજ અંગદાનની સંમતિ આપતા અમદાવાદની કેઆઇડીઆરસીના ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડીનેટર વિપુલભાઈ શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જાણ કરતા ડૉ. વિપીન પાલ અને તેમની ટીમે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું.

આ કિડની વિસનગરના વિનોદ મનુભાઈ પાઠક (ઉ.વ. ૨૯)ને એક કિડની જ્યારે બીજી કિડની અમદાવાદની હિના કનૈયાલાલ સોની (ઉ.વ. ૨૬)ને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું હતું.

બીજો બનાવ: બિહારના સિક્યુરિટી ગાર્ડે દક્ષિણ ગુજરાતના નવસારીના હિતેન્દ્ર મનજીભાઈ અરવાડિયા અને રાજકોટની અનિતા રાજેશ ખુનાડિયાને કિડની તેમજ મહેસાણાના વિશાલ દિનેશભાઈ પટેલને લિવરનું દાન કરી ત્રણ વ્યક્તિને નવું જીવન આપી સમાજને નવી દિશા બતાવી છે. સુરત નજીકના પલસાણાના મારુતિ કોમ્પલેક્ષમાં રહેતા અને મૂળ બિહારના વિજયાનંદ રાય (ઉ.વ ૪૭)એ ગઇકાલ પાંડેસરા ખાતે આવેલ મીલ કંપની (અંબાજી સિન્થેટિક્સમાં) સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોય અને ખુરશી ઉપરથી નીચે પટકાતા ઇજા થતા સુરત જ તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે અહીંની નવી સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ડૉ.નિકુલ ગોંડી અને ડૉ.પરેશ ઠાકરોરાએ બ્રેઇનડેડ જાહેર કર્યો હતો.

# બ્રેનડેડ રમણભાઈના કિડની-લિવરના દાનથી 2ને જીવનદાન

સુરત : પલસાણાના એનાગામ માં એક મકાનમાં છાપરા પર તાડપત્રી નાંખતી વખતે છાપરા પરથી પટકાતા રમણભાઈને બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. તેમને બ્રેઈન ડેડ જાહેર કરાતા પરીવારે તેમના કિડની અને લિવરનું દાન કરી બે વ્યક્તિને નવજીવન આપી માનવતા મહેકાવી હતી.

## એક કિડની વિસનગરના ત્રિલોક પાઠકને અને બીજી કિડની અમદાવાદની ક્ષિપ્રા સોનીને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ

એનાગામ ખાતે રહેતા રમણભાઈ છગુભાઈ હળપતિ ખેત મજૂરી કરી પરીવારનું ગુજરાન ચલાવતા હતા. ગત તા.૧૩ જુલાઈના રોજ સાંજે તેઓ એક મકાનના છાપરા પર તાડપત્રી નાખવા ગયા તે વખતે પગ લપસી જતા તેઓ પટકાયા હતા. માથામાં ગંભીર ઈજાઓ થવાથી તેઓ બેભાન થઈ જતા તેમને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમને બ્રેઈન હેમરેજ થઈ ગયું હોવાનું નિદાન આવતા વધુ સારવાર માટે ૧૪મી જુલાઈના રોજ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. જેથી નવી સિવિલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાળાનો સંપર્ક કર્યો હતો. જેથી ડોનેટ લાઈફની ટીમે નવી સિવિલ હોસ્પિટલ પહોંચીને રમણભાઈના પરીવારને ઓર્ગન ડોનેશન અંગે જાણકારી આપી તેનું મહત્વ સમજાવ્યું હતું. આથી રમણભાઈના પુત્ર અજય અને પરીવારના અન્ય સભ્યોએ અંગદાન માટે તૈયારી દર્શાવી હતી. પરીવારે સંમતી દર્શાવતાં નિલેશ માંડલેવાળાએ અમદાવાદની ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા માટે બોલાવ્યા હતા. રમણભાઈની કિડની અને લિવર દાનમાં લઈ તેમની એક કિડની વિસનગરના ત્રિલોક મનુભાઈ પાઠક(૨૬)ને અને બીજી કિડની અમદાવાદની ક્ષિપ્રા કમલેશભાઈ સોનીને ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી.

# હળપતિ સમાજના ખેતમજુરના અંગદાનથી બે સૂકા જીવનમાં લીલોતરી ઉગશે

(પ્રતિનિધિ દ્વારા) સુરત, સોમવાર

પલસાણામાં એનાગામ ફળિયામાં રહેતા ૪૫ વર્ષીય રમણભાઈ છગુભાઈ હળપતિ ગઈ તા. ૧૩ મીએ સાંજે મકાનમાં છાપરા ઉપર તાડપત્રી નાખતા નીચે પટકાયા હતા. તેમને સારવાર માટે બારડોલી બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં ગત તા. ૨૨મી ત્યાં તબીબે તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.



રમણભાઈના પુત્ર અજય અને પરિવારના સભ્યોએ જણાવ્યું કે અમે ખેતમજૂરી કરીને રોજ ૧૦૦ રૂપિયા કમાઈએ છીએ. અમારી પાસે દાન કરવા માટે કોઈ મૂડી નથી. પરંતુ પિતાજીના અંગોનું દાન કરીને કોઈક વ્યક્તિને નવજીવન મળતું હોય તો અંગદાન કરવું જોઈએ. અમદાવાદની હોસ્પિટલની ટીમે કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું હતું. દાનમાં આવેલી એક કિડની વિસનગરના ત્રિલોક મનુભાઈ પાઠક (ઉ.વ.૨૬) અને બીજી કિડની અમદાવાદના ક્ષિપ્રા કમલેશભાઈ સોની (ઉ.વ.૨૬) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

# બ્રેઈનડેડ ખેડૂતના અંગદાનથી બે યુવાનોને નવજીવન મળ્યું

**» મકાનના છાપરા પર તાડપત્રી નાંખતી વખતે નીચે પટકાયા હતા**

સુરત, તા. ૨૪

પલસાણા, એના ગામના બ્રેઈનડેડ ખેડૂતના અંગદાનથી વિસનગર અને અમદાવાદના યુવાનોને નવજીવન મળ્યું હતું.

એના ગામમાં આવેલા ગામ ફળિયામાં રહેતા રમણભાઈ છગનભાઈ હળપતિ (ઉં.વ. ૪૫) ગત તા. ૧૯મી જુલાઈના રોજ તેઓ એના ગામમાં એક મકાનના છાપરા પર તાડપત્રી નાંખી રહ્યા હતા ત્યારે અચાનક નીચે પટકાતા માથામાં ગંભીર ઇજા થઈ હતી. બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં બ્રેઈન હેમરેજ ગયું હોવાનું નિદાન થતાં તેમને વધુ સારવાર માટે કિરણ હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન ગત તા. ૨૨મીએ કિરણના તબીબોએ તેમને બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા. જેની જાણ ડોનેટ લાઈફને થતાં ટીમે કિરણમાં દોડી આવી રમણભાઈના પરિવારને અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ડોનેટ લાઈફની ટીમની વાતો સાંભળી અંગદાનનું મહત્ત્વ સમજેલા પરિવારજનોએ જણાવ્યું હતું કે, અમે ખેતમજૂરી કરી રોજના ૩૦૦ કમાઈએ છીએ. અમારી પાસે દાન કરવા માટે કોઈ મૂડી નથી, પરંતુ અમારા પિતાજી બ્રેઈનડેડ થયા છે, તો તેમના અંગોના દાન થકી કોઈક વ્યક્તિને નવજીવન મળતું હોય તો શું ખોટું છે? દાનમાં મળેલી એક કિડની વિસનગરના વિશ્વેશ પાઠક (ઉં.વ.૨૭) અને બીજી કિડની અમદાવાદના વિશ્વા સોની (ઉં.વ. ૨૨)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લિવર કિરણ માટે રાખવામાં આવ્યું છે.